### સાબરકાંઠા, અરવલ્લીને ઘમરોળતું

# "તાઉ-તે" વાવાઝોડું, સાંબેલાધારે દોઢ થી પાંચ ઈંચ વરસાદ

## અનેક સ્થળે વૃક્ષો, વિજપોલ ધરાશાયી, બાગાયતી ખેતીને કરોડોનું નુક્સાન





બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૯
તાઉ-તે વાવાઝોડાએ છેલ્લા ૧૬ કલાકમાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાને ઘમરોળી નાખતાં અનેક વિસ્તારોમાં અસંખ્ય વૃક્ષો, વિજપોલ ધરાશાયી થયા છે. ઉભો પાક ચત્તાપાટ થઈ ગયો છે. બાગાયતી ખેતીને કરોડોના નુક્સાનનો અંદાજ છે. સાંબેલાધારે દોઢ થી પાંચ ઈંચ વરસાદ ખાબકતાં અનેક નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા છે. વાવાઝોડા અને વરસાદ પછી સ્થિતિ વધુ વણસી છે. અનેક ગામડાઓમાં વિજ પુરવઠો ખોરવાતાં પીવાના પાણીની સમસ્યા જોવા મળી. જિલ્લાના ધનસુરામાં ૫ ઈંચ, બાયડ, મોડાસા, હિંમતનગર, પ્રાંતિજમાં ૪ ઈંચ વરસાદ ખાબક્યો છે. મે. મહિનામાં ધોધમાર વરસાદ વરસતાં અનેક ખેડૂતો માટે ઉનાળું પાકથી હાથ ધોઈ નાખવાનો વારો આવ્યો છે.



સાબરકાંઠા, અરવલ્લીમાં વાવાઝોડાની આગાહીના પગલે ૮૦૦ થી વધુ લોકોનું સ્થળાંતર કરી સલામત સ્થળે ખસેડાયા હતા. ગત રોજ સમી સાંજ પછી તાઉ-તે વાવાઝોડાની અસર બંન્ને જિલ્લામાં શરૂ થઈ. ડરામણા તેજ પવન પછી સાંબેલાધારે વરસાદ વરસ્યો. જિલ્લામાં ૭૦ થી ૭૫ કી.મી.ની ઝડપે ફૂંકાયેલા પવનથી અનેક વિસ્તારોમાં વૃક્ષો ધરાશાયી થતાં પરીવહનને અસર થઈ હતી. ગ્રામ્ય વિસ્તારોમાં પણ અસંખ્ય વૃક્ષો ઉખડી પડ્યાં છે. જ્યારે વૃક્ષો ધરાશાયી થયા પછી અનેક વિજપોલ તૂટી પડતાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં કલાકો સુધી વીજળી વેરણ થઈ હતી અનેક ફીડરો ફોલ્ટમાં છે જેથી છેલ્લા ૧૨ કલાકથી પ્રજાને અંધારપટમાં અટવાઈ પડી હતી. બુધવાર સવારે વિજ તંત્રએ યુદ્ધના ધોરણે વિજ પુરવઠો શરૂ કરવાની કામગીરી શરૂ કરી પરંતુ વારંવાર ફોલ્ટના કારણે તંત્ર પણ મૂંઝાતું જોવા મળ્યું. સાબરકાંઠા, અરવલ્લીમાં તાઉ-તે વાવાઝોડાના કારણે બાગાયતી ખેતીને અગણિત નુક્સાન થયું છે. ખેડૂતોને યોગ્ય વળતર ચૂકવાય તેવી ખેડૂત આગેવાનોએ માંગ કરી છે.

### કયા તાલુકામાં કેટલો વરસાદ

(પાછલા ૨૪ કલાકમાં)

| તાલુકો | વરસાદ (મિમીમાં) |
|---|---|
| ધનસુરા | ૧૨૨ |
| મોડાસા | ૧૦૩ |
| પ્રાંતિજ | ૧૦૨ |
| હિંમતનગર | ૧૦૧ |
| બાયડ | ૧૦૦ |
| મેઘરજ | ૮૯ |
| તલોદ | ૮૯ |
| ભિલોડા | ૮૪ |
| ઈડર | ૭૪ |
| પોશીના | ૭૦ |
| માલપુર | ૬૫ |
| વડાલી | ૬૨ |
| વિજયનગર | ૪૦ |



### શાકભાજી, પપૈયા, ચીકુના પાકને વ્યાપક નુક્સાન

તાઉ-તે વાવાઝોડાએ સરકાર સાથે ખેડૂતોને પાયમાલ કરી દીધા છે. સાબરકાંઠા, અરવલ્લીમાં ગત રોજ ભારે પવન સાથે વાવાઝોડું ત્રાટકતાં દોઢ થી પાંચ ઈંચ વરસાદ ખાબક્યો છે. ભારે વરસાદ અને વાવાઝોડાના કારણે શાકભાજી, પપૈયા, ચીકુના પાકનો સોથ વળી ગયો છે. બંન્ને જિલ્લાના ખેડૂતોને ખેતી પાકમાં રૂા.૮૦ કરોડથી વધુના નુક્સાનનો અંદાજ છે. સરકાર દ્વારા તાબડતોબ સર્વે હાથ ધરી ખેડૂતોને સહાય ચૂકવવા માંગ શરૂ થઈ છે.

### બાજરીના પાકને સૌથી વધુ નુક્સાન

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ઉનાળુ ખેતીમાં ખેડૂતોએ બાજરીના પાકનું વધુ વાવેતર કર્યું હતું. પાક તૈયાર થવાની અણી ઉપર હતો ત્યારે ગત રોજ ભારે વાવાઝોડા સાથે વરસાદ વરસતાં બાજરીનો પાક ચત્તાપાટ થઈ ગયો છે. બાયડ, તલોદ, મોડાસા, ધનસુરા, ભિલોડા, હિંમતનગર સહિતના અનેક વિસ્તારોમાં બાજરી પકવતા ખેડૂતો પાયમાલ થયાના અહેવાલ છે.

# તાઉ-તે વાવાઝોડાએ હિંમતનગર શહેરને ધમરોળ્યુ

**ભારે તોફાની પવન સાથે વરસાદ ખાબક્યો, ઠેર ઠેર વૃક્ષો અને હોર્ડિંગ્સ ધારાશાયી થયા, અનેક વિસ્તારોમાં ૧૦થી વધુ વૃક્ષો ધરાશાઈ થવાની સાથે મસમોટા હોડીગો ધરાશાઈ છતાં નગરપાલિકા તંત્રની બેદરકારી સામે આવી**

હિંમતનગર તા.૧૯
રાજ્યભરમાં તાઉ-તે વાવાઝોડાની સંભવિત



અસરને પગલે હિંમતનગર સહિત સાબરકાંઠા જિલ્લામાં



ગતરોજ બુધવારે બપોરથી જ ભારેપવન ફૂંકાવાની સાથે વરસાદનું આગમન થતાં વહેલી સવાર સુધી દિવસ અને રાત્રી દરમિયાન તોફાની પવન ફૂંકાવાની સાથે વરસાદ મન મૂકીને વરસ્યો હતો જેમાં સરકારી દફતરે સમગ્ર સાબરકાંઠા જિલ્લામાં





૫૭૯ મીમી વરસાદ નોંધાયો હોવાનું અહેવાલ પ્રાપ્ત થઈ રહ્યા છે.

સાબરકાંઠા જિલ્લાના વડામથક હિંમતનગર ખાતે તાઉ-તે વાવાઝોડાની અસર વર્તાઈ હતી જેમાં ભારે પવન ફૂંકાવાની સાથે ધોધમાર વરસાદ વરસતા તાઉ-તે વાવાઝોડાએ હિંમતનગર શહેરને ધમરોળ્યુ હતું જેને લઈને હિંમતનગર શહેરમાં ઠેર-ઠેર અલગ અલગ જગ્યાએ ૧૦થી વધુ વૃક્ષો ધરાશાઈ થયા હતા અને શહેરભરમાં નીતિનિયમો નેવે મુકીને ઉભા કરાયેલા મસમોટા હોડીગો પણ ધરાશાયી થયા હતા.

ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકાર દ્વારા તાઉ-તે વાવાઝોડાના સંભવિત અસરને પગલે અગમચેતી સાવચેતીના ભાગરૂપે સૂચનાઓ અપાયા બાદ પણ નગરપાલિકા તંત્ર દ્વારા આળસ દાખવવામાં આવતા હિંમતનગર શહેરમાં વિવિધ વિસ્તારોમાં ૧૦ થી વધુ વૃક્ષો ધરાશાઈ થયા હતા અને શહેરમાં ઉભા કરાયેલા મસમોટા હોડીગો પણ ધરાશાયી થયા હતા જો કે , હિંમતનગર શહેરમાં કોઈપણ પ્રકારની જાનહાનિ ન થતા પ્રજાજનો અને વહીવટી તંત્રે રાહતનો શ્વાસ લીધો હતો.

### આંબાવાડી વિસ્તારમાં રેલવે અંડર પાસમાં વરસાદી પાણી ભરાયુ, વાહન વ્યવહાર ઠપ્પ

તાઉ-તે વાવાઝોડાની અસરને પગલે ગત રાત્રિએ હિંમતનગર શહેરમાં ભારે પવન ફૂંકાવાની સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો. ત્યારે ભારે વરસાદને કારણે શહેરમાં આંબાવાડી વિસ્તારમાં આવેલા રેલ્વે અંડરપાસમાં વરસાદી પાણી ભરાયા ગયા હતા જેને કારણે વાહન વ્યવહાર ઠપ્પ થઈ ગયો હતો મોડી રાત્રે થયેલા ધોધમાર વરસાદને પગલે અંડરપાસમાં બેથી અઢી ફૂટ જેટલું પાણી ભરાયું હતું દર વર્ષે ચોમાસામાં આંબાવાડી વિસ્તારમાં રેલવે અંડર પાસમાં વરસાદી પાણી ભરાતા વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે ત્યારે રેલવે વિભાગ દ્વારા પંપીંગ મશીન દ્વારા વરસાદી પાણીનો નિકાલ કરવામાં આવનાર હોવાનું સૂત્રો દ્વારા માહિતી પ્રાપ્ત થઈ રહી છે.



### હિંમતનગર- ઈડર હાઈવે પર વકતાપુર પાસે વિશાળ ઝાડ ધરાશાયી

તાઉ-તે વાવાઝોડાના પગલે હિંમતનગર સહિત સાબરકાંઠા જિલ્લામાં ઠેર-ઠેર વૃક્ષો ધરાશાઈ થયા છે ત્યારે ગતરોજ બુધવારે મોડી રાત્રે હિંમતનગર - ઈડર હાઈવે પર વકતાપુર પાસે મોડી રાત્રે એક વિશાળ વૃક્ષ ધરાશાયી થતા રોડની બન્ને બાજુનો ટ્રાફિક અવરોધાયો હતો જેને પગલે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનના મહિલા પીએસઆઈ તથા તેમની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી ફાયર બ્રિગેડને જાણ કરી હતી.



### વાવાઝોડું કોરોના ઉપર ભારે પડ્યું

# ઉત્તર ગુજરાતમાં ૨૦ દિવસ પછી કોરોના સંક્રમિત કેસ ૧૦,૦૦૦થી ઓછા

### પાછલા ૨૪ કલાકમાં એકપણ મોત નહીં

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૯
તાઉ-તે વાવાઝોડું કાતિલ કોરોના ઉપર ભારે પડ્યું છે. ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં ૨૦ દિવસ પછી કોરોના સંક્રમિત કેસ ૧૦ હજારથી ઓછા હોવાનું જાણવા મળ્યું. પાછલા ૨૪ કલાકમાં સરકારના આરોગ્ય વિભાગના દફતરે એકપણ મોત નોંધાયું નથી. પાછલા ૨૪ કલાક દરમ્યાન સંક્રમિત કેસ ૯,૯૧૦ નોંધાયા છે.

પાછલા ૨ દિવસ દરમ્યાન તાઉતે વાવાઝોડાની પ્રચંડ શક્તિ જોઈને પ્રજા પણ બોલી રહી છે કે કુદરતે કોરોનાના વિષાણુંને મારવા માટે પ્રકોપ સર્જ્યો હશે..!! ભલે તેને આવી બાબત સાથે કોઈ લેવાદેવા ન હોય પરંતુ પાછલા ૨ દિવસમાં કોરોનાનો હાઉ ઓછો થયો છે. તે બાબત નિર્વિવાદ છે. હોસ્પિટલોમાં પણ ઓછા દર્દીઓ જોવા મળ્યા. ઓક્સિજન અને રેમડેસિવિર ઈન્જેકશનની અછતની ફરિયાદ પણ ઉત્તર ગુજરાત પૂરતી સાંભળવા મળી નથી. ઉત્તર ગુજરાતમાં છેલ્લા એક સપ્તાહ દરમ્યાન કોરોનાનું સંક્રમણ બેકાબુ બનવાની સાથે કોરોનાગ્રસ્ત દર્દીઓના મૃત્યુ આંકમાં ઉછાળો આવ્યો. પરંતુ તા.૧૬ મે. થી ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લામાં જે રીતે તાઉ-તે વાવાઝોડાની અસરથી ભારે વરસાદ અને તોફાની પવન ફુંકાયો તેમાં કોરોના સંક્રમિત કેસમાં ઘટાડો થયો છે. સંક્રમણ ઘટતાં પ્રજા અને આરોગ્ય તંત્ર માટે તાઉ-તે વાવાઝોડું રાહતના સમાચાર લાવ્યું છે.

# તલોદ ગામ નજીક સુજલામ સુફલામ કેનાલના પુલ ઉપર ગાબડું

**જાનહાનિ ટળી, વહીવટી તંત્ર દ્વારા રસ્તો ન ઓળંગવા સુચના અપાઇ : ગત ચોમાસામાં પુલ ધોવાઈ જતા વહીવટી તંત્ર દ્વારા કરાયેલું માટીકામમાં ગાબડું પડતાં તંત્રની પોલ ખુલ્લી પડી**

તલોદ, હિંમતનગર તા.૧૯
રાજ્યભરમાં તાઉ-તે વાવાઝોડાની સંભવિત અસરોને પગલે જગત તાત દ્વારા મહામહેનતે તૈયાર કરાયેલા ખેતીના ઉભા પાકમાં શોધ વળી જતા અને ખેતરોમાં વરસાદી પાણી ઉભરાતા ખેતીને વ્યાપક પ્રમાણમાં નુકશાન થયુ હોવાના અહેવાલો વચ્ચે ઠેર-ઠેર વૃક્ષો તથા હોડિંગો ધરાશાઈ થયા બાદ રોડ રસ્તા અને કેનાલના પુલો ઉપર ગામડાઓ પડવાથી વ્યાપક નુકસાનના અહેવાલો પ્રાપ્ત થઈ રહ્યા છે ત્યારે તાઉ-તે વાવાઝોડાના પગલે ભારે પવન ફૂંકાવાની સાથે અવિરતપણે વરસાદ વરસતા સાબરકાંઠા જિલ્લાના તલોદ ગામ નજીકથી પસાર થતી સુજલામ સુફલામ કેનાલના પુલ ઉપર મસમોટું ગાબડું પડયું હતું જેને લઈને ગ્રામ પંચાયતના તલાટી અને સરપંચ દ્વારા કેનાલના પુલ ઉપર થઈને રસ્તો ન ઓળંગવા માટે જાહેર જનતાને સૂચના આપવામાં આવી છે ઉલ્લેખનીય છે કે, ગત ચોમાસામાં વરસાદી પાણીના કારણે પુલ ધોવાઈ ગયો હતો ત્યારે વહિવટી તંત્ર દ્વારા માટી કામ કરવામાં આવ્યું હતું જે માટી કરાયેલું માટીકામમાં ગાબડું પડતાં તંત્રની પોલ ખુલ્લી પડી ગઈ છે



કામમાં અવિરત વરસાદને પગલે મસમોટું ગાબડું પડી જવા પામ્યું છે ત્યારે ગત ચોમાસામાં પુલ ધોવાઈ જતા વહીવટી તંત્ર દ્વારા જોકે પુલ પર ગાબડું પડવાને કારણે કોઈપણ પ્રકારની જાનહાનિ ન થતા ગ્રામજનો તથા સરકારી તંત્રે રાહતનો શ્વાસ લીધો છે.

કાર્યપાલક ઈજનેર અરવલ્લી પંચાયત મા.મ.વિભાગ,
મોડાસા, જાહેર નિવિદા નં. એસ.કે/૦૧/૨૦૨૧-૨૨

કાર્યપાલક ઇજનેરશ્રી અરવલ્લી પંચાયત મા.મ વિભાગ મોડાસા (ફો.નં.૦૨૭૭૪-૨૫૦૦૨૦) ધ્વારા સપ્લાયિંગ મટેરીયલ્સ, મશીનરી એંડ લેબર ફોર મેઇન્ટેનંસ વર્ક ફોર વેરીયસ રોડ ઇન વેરીયસ તાલુકા ઓફ અરવલ્લી ડીસ્ટ્રીક્ટ માટે માન્ય શ્રેણીમા નોધાયેલ ઈજારદારશ્રીઓ પાસેથી ઓન લાઈન ઈ-ટેન્ડરીંગ સીસ્ટમથી વાર્ષિક ભાવો મંગાવવામાં આવે છે. જે વેબ સાઈટ http://rnb.nprocure.com ઉપર તા. ૧૯/૦૫/૨૦૨૧ થી તા:- ૩૧/૦૫/૨૦૨૧ સુધીમાં ટેન્ડરો ઓન લાઈન ભરવાના રહેશે. નોટીસ અંગેની માહિતી ઉપરોકત વેબ સાઈટ પર તથા માહિતી વિભાગની વેબ સાઈટ www.statetenders.gujarat.gov.in ઉપર જોવા મળશે. આ કામો અંગેની વધુ વિગતો કામકાજના દિવસો દરમ્યાન ઉપરોકત કચેરીના નોટીસ બોર્ડ તેમજ રૂબરૂ સંપર્ક સાધવાથી મળી શકશે.

નામાનિ/હિંમત/૭૮/૨૦૨૧